# IN THE COURT OF THE ADDL. CHIEF JUDICIAL MAGISTRATE, UMBERGAON

**C.C. No.3072/2026**

**Presented on: 04/06/2026**
**Registered on: 04/06/2026**
**Decided on: 05/08/2026**

| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | | | |

**આંક:**

**ફરીયાદી : શ્રી સરકાર**

**–: વિરુદ્ધ:–**

**આરોપી :**

**(૧) મીનાબેન કલ્પેશભાઈ માંડિકર,**
રહે – નારગોલ માંગેલવાડ, તા. ઉમરગામ જી. વલસાડ

**તહોમત :** ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ **૬૫(એએ)**

**ફરીયાદપક્ષે :** વિધ્વાન એ.પી.પી. શ્રી એ.આર. પટેલ

**આરોપી તરફે :** વિધ્વાન વકીલ શ્રી પી.કે. પટેલ

## –:: JUDGMENT ::–

(1) ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૧૩/૦૩/૨૦૨૬ ના રોજ કલાક ૨૩/૦૦ વાગ્યાના સુમારે આ કામના આરોપી ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે પોતાના ઘરના પાછળના વાડાના ભાગે એક પ્લાસ્ટીકના કેનમાં દેશી દારૂ લી.–૦૫ જેની કિં.રૂ. ૧૦૦૦/– પ્રોહી મુદ્દામાલ પોતાની પાસે રાખી, ઉમરગામ પોલીસ સ્ટેશનમાં ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એએ)

હેઠળ ગુનો નોંધવામાં આવેલ. તપાસ અધિકારીએ તપાસ પૂર્ણ કરી અત્રેની અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરેલ.

(2) ત્યારબાદ આ કામના આરોપી વિરુદ્ધ ચાર્જશીટ ફાઈલ થતા ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે સમન્સ કાઢવામાં આવતા આરોપી તેના વિ.વ. શ્રી મારફતે અત્રેની અદાલત રૂબરૂ ઉપસ્થિત થતા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ– (જેને હવે પછી ટુંકમાં બી.એન.એસ.એસ. તરીકે સંબોધેલ છે) ની કલમ–૨૩૦ મુજબ પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મૂલ્યે આપ્યા બદલની ખાતરી કર્યા બાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૬૩ મુજબ આ કામના આરોપીની સામે તહોમતનામું ફરમાવી સદર તહોમતનામું આંક–૦૫ ની વિગતો સદર કલમની પેટા– કલમ–(૨) અન્વયે વાંચી, સંભળાવી, સમજાવીને આંક–૦૬ થી આરોપીનું સ્ટેટમેન્ટ યાને નિવેદન રેકોર્ડ કરતા આરોપીએ તેની સમક્ષના  ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવતા આ કામના ફરિયાદપક્ષ તરફે આ કામના આરોપીની સામેનું તહોમત પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલા છે.

(૩) ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે:

## –: મૌખિક પુરાવો :–

| ક્રમ | સાહેદ | આંક |
|---|---|---|
| ૧ | પંચ – અનિલભાઈ હરિશચંદ્ર મહેર | ૦૭ |
| ૨ | પંચ – નિલેશ અર્જન દવણે | ૦૯ |
| ૩ | ફરિયાદી – બુધાભાઈ ત્રિકમભાઈ | ૧૦ |

## –: દસ્તાવેજી પુરાવો :–

| | | |
|---|---|---|
| ૧ | પંચનામું | ૦૮ |
| ૨ | ફરિયાદ | ૧૧ |

(4) આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી નાઓએ વધુ પુરાવા આપવા માંગતા ન હોવાનું મૌખિક જાહેર કરતાં, બી.એન.એસ.એસ.એકટની કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો રેકર્ડ ઉપર આવતો ન હોય, આરોપીના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(5) વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરતા જણાવેલ કે સદર ગુનો સાબિત છે અને આરોપીને દોષિત ઠરાવવો જોઈએ. આ કામનાં આરોપીના વિ.વ.શ્રી ધ્વારા દલીલ કરવામાં આવેલ છે કે આ કામે આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મુદ્દામાલ મળી આવેલ હોવાનુ રેકર્ડ પરના પંચનામા થકી પુરાવાર થતુ નથી. આથી આરોપીની સામેનો ગુન્હો શંકાથી પર પુરવાર કરી શકેલા ન હોવાથી આરોપીને હાલના ગુન્હામાંથી નિર્દોષ છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**–:: મુદ્દા::–**

1. શું ફરીયાદપક્ષ શંકાથી પર પુરવાર કરી શકે છે કે, તા.૧૩/૦૩/૨૦૨૬ ના રોજ કલાક ૨૩/૦૦ વાગ્યાના સુમારે આ કામના આરોપી ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે પોતાના ઘરના પાછળના વાડાના ભાગે એક પ્લાસ્ટીકના કેનમાં દેશી દારૂ લી.–૦૫ જેની કિં.રૂ. ૧૦૦૦/– પ્રોહી મુદ્દામાલ પોતાની પાસે રાખી, ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એએ) મુજબનો ગુનો કરેલ?
2. શું હુકમ?

**–:: નિર્ણય ::–**

1. **નકારમાં**
2. **આખરી હુકમ મુજબ**

**–:: કારણો ::–**

**મુદ્દા નં. 1 ની ચર્ચા :**

(6) ગુનાની તારીખ ૧૩/૦૩/૨૦૨૬ ની ઘટના બાબતે આરોપી વિરુદ્ધનો આક્ષેપ નિ:શંકપણે સાબિત કરવાનું ભાર ફરીયાદપક્ષ ઉપર છે.

(7) આ કેસનો મુખ્ય આધાર **પંચનામું (આંક–૦૮)** છે. બંને પંચ સાહેદોની જુબાની વિશ્વાસપાત્ર નથી.

(8) બંને પંચ સાહેદો –

- પંચ – અનિલભાઈ હરિશચંદ્ર મહેર (આંક.૦૭)
- પંચ – નિલેશ અર્જન દવણે (આંક.૦૯)

પંચનામાની કાર્યવાહીનો ઈન્કાર કરતા **ફરી ગયેલા સાહેદ** જાહેર થયેલા છે. ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષ ઉપયોગી હકીકત મેળવી શકેલ નથી. આંક-૧૦ થી ફરિયાદી – બુધાભાઈ ત્રિકમભાઈ નાઓને તપાસવામાં આવેલ છે. સદર પોલીસ સાહેદ છે. જેથી, તેઓની જુબાની પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(9) વધુમાં કોઈ **સ્વતંત્ર સાહેદ** તપાસવામાં આવેલ નથી કે ન લેવા પાછળનું કારણ રજૂ નથી.

(10) આવી પરિસ્થિતિમાં નામદાર સુપ્રીમકોર્ટના **હેમરાજ વિ. હરીયાણા રાજ્ય** તથા ગુજરાત હાઈકોર્ટના ચુકાદા મુજબ, જ્યારે પંચો ફરી જાય અને સ્વતંત્ર સાહેદ ન હોય ત્યારે આરોપીને **શંકાનો લાભ** આપવાનો રહે.

(11) ફરીયાદપક્ષ તા. ૧૩/૦૩/૨૦૨૬ ના બનાવને નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ નિવડ્યા. તેથી મુદ્દો નં. 1 **નકારમાં**.

## –:: આખરી હુકમ ::–

(1) આ કામના આરોપી મીનાબેન કલ્પેશભાઈ માંડેકર, રહે – નારગોલ માંગેલવાડ, તા. ઉમરગામ જી. વલસાડ ને તેમની સામેના ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એએ) મુજબના ગુનામાં, બી.એન.એસ.એસ. એકટની કલમ ૨૭૧(૧) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(2) આ કામે કબજે કરેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમય વિત્યે નિયમ મુજબ નિકાલ કરવો.

(3) આ ચુકાદો આરોપીની ગે.હા. માં બી.એન.એસ.એસ. એકટની કલમ ૩૯૨(૬) હેઠળ જાહેર કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૦૫/૦૮/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

મુ. :– ઉમરગામ **(સંજીવ કુમાર)**
તારીખ :– ૦૫/૦૮/૨૦૨૬ એડી. ચીફ જયુડી. મેજી.,ઉમરગામ
કોડ નં.જી.જે.૦૧૨૨૧